ટેન્ડર ફોર્મ બી–૨ ના કોન્ટ્રાકટરોની માર્ગદર્શન માટે સામાન્ય નિયમો અને સુચનાઓ સૂચન નં–૧૮ માં સ્પષ્ટતા કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**ક્રમાંક : ટીએનસી–૧૦–૨૦૧૩–(૦૨)–સી**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૧૦–૦૫–૨૦૧૩**

સંદર્ભ :– મા.મ. વિભાગના ઠરાવ ક્ર. ટીએનસી–૧૦૯૦–(આઈબી–૨૨)–(૧૦)–સી તા. ૧૯–૦૫–૧૯૯૦

**આમુખ :–**

ઉપરોકત વિષય અન્વયે ના સંદર્ભીત ઠરાવ માં સૂચન નં.–૧૮ માં 'આ કામ માટે ટેન્ડરો રજીસ્ટર ટપાલ ઘ્વારા રવાના કરવામાં આવે ત્યારબાદ ટેન્ડર પર સ્વિકારવાની સૂચિત તારીખથી ૯૦/૧૨૦ દિવસ સુધી ઓફર ખુલ્લી રહેશે." તેમ દર્શાવેલ છે.

હવે ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ નં. એસપીઓ–૧૦૨૦૦૫–૧૪૦૭–સીએચ તા. ૨૨–૧૧–૨૦૦૬ ના સંદર્ભે કામોના ટેન્ડર Online માંગવામાં આવે છે અને ઉપરના સૂચન નં. ૧૮ માં "ટેન્ડર પર સ્વિકારવાની સૂચિત તારીખથી ૯૦ / ૧૨૦ દિવસ સુધી ઓફર ખુલ્લી રહેશે." તેવી જોગવાઈ ના કારણે ટેન્ડરની વેલીડીટીમાં વિસંગતતા ઉભી થવા બાબતની ગુજરાત કોન્ટ્રાકટર એસોસીએશન ની વિવિધ સ્તરે રજુઆતો મળેલ છે. આ રજુઆતો પર પુખ્ત વિચારણાને અંતે આ બાબતે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**સ્પષ્ટતા :–**

"Online Tender System માં સીગલ કવર સીસ્ટમ વાળા ટેન્ડરોમાં ટેન્ડર વેલીડીટીનો સમય ટેન્ડર ઓનલાઈન ખોલ્યા તારીખથી જયારે ટુ કવર સીસ્ટમમાં ટેન્ડર વેલીડીટીનો સમય ટેકનીકલ બીડ ખોલ્યા તારીખથી ગણવાનો રહેશે."

**(આર.કે. ચૌહાણ)**
**ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)**
**માર્ગ અને મકાન વિભાગ**